R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 21 DATE: 27-05-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રિયાધ શિખરને સંબોધતા કહ્યું લડાઇ ઇસ્લામ સામેની નથી ત્રાસવાદ સામેની છે : તમારા ધર્મસ્થાન,સમાજ અને પૃથ્વી પરથી તેને હાંકી કાઢો



અમેરિકી પ્રમુખ તરીકે સત્તાવાર ચુંટાયા બાદ સહુ પ્રથમ વાર વિદેશ યાત્રા પર નિકળેલા ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબીયાની મુલાકાત લીધી હતી. પ્રમુખ ટ્રમ્પે ૫૦ મુસ્લીમ દેશોના નેતાઓને રિયાધ ખાતે સંબોધતા કહ્યુ હતું કે અમેરિકાની લડાઈ ત્રાસવાદી જુથો સામેની છે.તેમણે કહયુ કે કોઈ આપને નિષ્ફળ બનાવી શકે તેમ નથી. તેમણે કહ્યુ હતું કે મજહબી કટ્ટરપંથ સામેની લડાઈમાં મુસ્લીમ દેશો આગેવાની કરે તે જરુરી છે. આ ત્રાસવાદીઓને ક્યાંથી નાણાંકીય સહાય ના મળે તે માટેની સમજુતીઓ પર આપણે હસ્તાક્ષર કરીશું.રિયાધ ખાતેની આ શિખર મધ્યપુર્વ અને વિશ્વની શાંતિના મંડાણ કરશે તેવી આશા છે.

ત્રાસવાદીઓને તમારા ધર્મસ્થાન,સમાજ અને પૃથ્વી બહાર હડસેલી દો.તેમણે કટ્ટરપંથી ઈસ્લામ જેવા શબ્દો વાપરવાને બદલે ત્રાસવાદીઓ,ઈસ્લામી ત્રાસવાદી જુથોની રાજકીય વિચારધારા જેવા શબ્દોનો ઉપયોગ કરીને વિસ્તારમાં એ વાતનો સંકેત આપ્યો હતો કે ટ્રમ્પ ઈસ્લામ અને આઈએસ જેવા ત્રાસવાદી સંગઠનોની વિચારધારાને અલગ સમજે છે. આ લડાઈ વિવિધ ધર્મો વચ્ચેની લડાઈ નથી. પરંતુ માનવજીવનનો અવરોધતાં અપરાધીઓ અને તમામ ધર્મના સભ્ય લોકો વચ્ચેની લડાઈ છે.

ટ્રમ્પે જણાવ્યુ હતું કે ઈસ્લામ તે વિશ્વના મહાન ધર્મો પૈકીનો એક ધર્મ છે.મુસ્લીમ દેશો પણ ત્રાસવાદી જુથોનો સામનો કરવાની જવાબદારી નિભાવી રહ્યા છે. તે બાબત જ ઈસ્લામની વિચારધારાને સમજાવે છે.મધ્યપુર્વના મુસ્લીમ દેશોને તેમણે આઈએસ જેવા ત્રાસવાદી જુથ સામેની લડાઈની વધુ જવાબદારી લેવા અનુરોધ કર્યો હતો.તેમણે કહક્યુ હતું કે સારપ ધરાવતા લોકો એક જ થઈને શક્તિશાળી બનશે તોજ ત્રાસવાદ જેવી ખરાબી પર આપણે વિજયી થઈ શકીશું.તે માટે આ ખંડમાં બોઠેલા તમામે જવાબદારી ઉપાડવાની છે.મધ્યપુર્વના દેશોએ અમેરીકી શક્તિની રાહ ના જોતાં નક્કી કરવું જોઈએ કે તેઓ તેમના દેશ અને બાળકોનું ક્યા પ્રકારનું ભવિષ્ય ઈચ્છે છે.ચુંટણી પ્રચાર વખતે આપેલી ઈસ્લામ વિરોધી ટિપ્પણીઓ ૫ છી અમેરીકી પ્રમુખે હવે મુસ્લીમ દેશો સાથેના સબંધોને પુનઃવ્યવસ્થિત





કરવા આ રાહે પ્રયાસ કર્યો હતો.

સાઉદીની મુલાકાત દરમિયાન ટ્રમ્પે મરાબા પેલેસમાં સાઉદી અરેબીયાના પરંપરાગત તલવાર ડાન્સમાં પણ ભાગ લીધો હતો.તે ડાન્સમાં કિંગ સલમાન અને વ્હાઈટ હાઉસના અધિકારીઓ અનો સાઉદીના અમીરો પણ સામેલ થયા હતા.સ્વોર્ડ કે તલવાર ડાન્સાને સાઉદીમાં અર્દા કહેવામાં આવે છે.કોઈ ધાર્મિક કે લગ્ન પ્રસંગે તે ડાન્સ થતો હોય છે.

## ઇજીપ્તના કેરોમાં ૨૬ ખ્રિસ્તીઓની ગોળી મારી હત્યા

ઈજિપ્તની રાજધાની કૈરોમાં આઠથી દસ જેટલા હુમલાખોરો મીલીટરી વેશમાં આવીને એક બસ ઉપર ગોળીબાર કરતાં ૨૬ ખ્રિસ્તીઓના મોત નિપજ્યા હતા.મુસ્લીમ બહુમતી ધરાવતા ઈજીપ્તમાં છેલ્લા દસેક દિવસથી મુસ્લીમો અને ખ્રિસ્તીઓ વચ્ચે હિંસા ચાલી રહી છે.ખાસ કરીને ખ્રિસ્તી લોકો મુસ્લીમ કટ્ટરપંથીઓના શિકાર બની રહ્યા છે.ઈજીપ્તની રાજધાની કૈરોમાં અજ્ઞાત બંધુકધારીઓ દ્વારા નરસંહાર કરવામાં આવી રહ્યો છે.અહીયાં ખ્રિસ્તી મુસાફરોને લઈ જતી એક બસ ઉપર હુમલાખોરોએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો

મીલીટરી વેશમાં આવેલા હુમલાખોરોએ કરેલા ગોળીબારમાં ૨૬ ખ્રિસ્તીઓના મોત નિપજ્યા હતા. સુત્રોના જણાવ્યા મુજબ હુમલાખોરોએ માસ્ક પહેરેલા હતા. તેમના ચહેરા ઢાંકી દીધેલા હોઈને તેમની ઓળખ કરવી મુશ્કેલ છે. એક વેબસાઈટના જણાવ્યા પ્રમાણે આઠથી દસ હુમલાખોરોએ બસ ઉપર ગોળીબાર કર્યો હતો. રમઝાન મહિનાની શરુઆત થવા પહેલા ખ્રિસ્તીઓને શિકાર બનાવવામાં આવ્યા છે.હાલમાં કોઈ આતંકી સંગઠન કે અન્ય કોઈ કટ્ટરપંથીઓ દ્વારા તેની જવાબદારી સ્વીકારવામાં આવી નથી.સામાન્ય રીતે ઈજીપ્તના કોપ્ટીક ખ્રિસ્તીઓ આતંકવાદીઓના અને કટ્ટરપથીઓના નિશાને રહ્યા છે.

ઈજીપ્તના સ્વાસ્થ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં થયેલા હુમલામાં મૃતકની સંખ્યા જણાવવામાં આવી નથી. પ્રારંભિક અહેવાલ પ્રમાણે કૈરોથી ૧૬૦ માઈલ દુર નાઈલ નદીના કિનારે મિનાયા વિસ્તારમાં આ ઘટના બની છે. ઈજીપ્તના મિનાયામાં કોપ્ટીક ખ્રિસ્તીઓની સંખ્યા વધારે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ વિસ્તારમાં ધાર્મિક તણાવ ખુબ વધી ગયો છે.ગત મહિને ઉત્તરી ઈજીપ્તમાં કોપ્ટીક ખ્રિસ્તીઓ ઉપર બે હુમલા કરવામાં આવ્યા હતા.આ હુમલામાં ૪૪ લોકોના મોત નિપજ્યા હતા.

અમેરિકી દુતાવાસે જ કૈરો ખાતે એક ચેતવણી જારી કરી હતી. અમેરીકી દુતાવાસે જણાવ્યુ હતું કે હસમ નામનું એક આતંકવાદી જુથ મોટાપાયે નરસંહાર કરી શકે છે અથવા તો મોટાપાયે બ્લાસ્ટ કરી શકે છે.

## વડાપ્રધાન મોદીએ આસામમાં દેશનો સૌથી લાંબો પુલ ખુલ્લો મુક્યો

કેન્દ્રમાં સત્તા સંભાળ્યાને ત્રણ વર્ષ પુરા થયાની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન મોદીએ આસામમાં બ્રહ્મપુત્ અને લોહિત નદી ઉપર બાંધવામાં આવેલો સૌથી મોટો પુલ ઢોલા-સદિયાપુલ ખુલ્લો મુક્યો હતો.ચીન બોર્ડર પર બાંધવામાં આવેલો આ મહાસેતુ ચીનની બોર્ડરથી ૧૦૦ કીલોમીટર દુર છે.મોદીએ આ પ્રસંગે ફુડ પ્રોસેસીંગ ઊદ્યોગને પ્રોત્સાહન આપવા માટે રુ.૬૦૦૦ કરોડની યોજનાની જાહેરાત કરી હતી.૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે હવે ગ્રીન નહીં એવરગ્રીન રિવોલ્યુશન માટે કાર્ય કરવા હાકલ કરી હતી.

વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરાયેલ આ પુલનું નામ ભુપેન હજારિકા પુલ નામ આપવામાં આવ્યુ હતું. ઢોલા-સદિયા પુલનું રુ.૯૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયુ હતું.આસામમાં આ પુલ સદિયા ખાતે શરુ થાય છે અને અરુણાચલમાં ઢોલા ખાતે પુરો થાય છે.પુલની લંબાઈ ૯.૨ કી.મી છે.જે મુંબઈના બાન્દ્રા વરલી સીલિન્ક પુલથી ૩૦ ટકા લાંબો છે.પુલને ખુલ્લો મુક્યા પછી આસામ અને અરુણાચલ વચ્ચેનું અંતર ચાર કલાક કે ૧૬૫ કી.મી. ઘટશે.લશ્કર માટે આ પુલ મહત્વનો છે.તેના પરથી ૬૦ ટનની ટેન્કો પસાર થઈ શકશે. અને એક દિવસમાં ચીનની બોર્ડર સુધી પહોચશે.પુલનું બાંધકામ ૨૦૧૧માં શરુ થયું હતુ. અત્યારસુધી લોકો આસામથી અરુણાચલ પ્રદેશ જવા માટે હોડીનો ઉપયોગ કરતા હતા. ચીનની સરહદથી તે ૧૦૦ કી.મી.ના અંતરે છે. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યુ હતું કે જે કામ ૧૫ વર્ષમાં નથી થયું તે અમે ત્રણ વર્ષમાં કરી બતાવ્યુ છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કાશ્મીરની સમસ્યા દિવસે દિવસે વધુ ગંભીર બનતી જાય છે.બુલેટ કે બેલેટ તેનો વિકલ્પ બની શકી નથી.ક્યાંક કશું ખુટે છે અને સમસ્યાનો હલ કરવામાં ત્યાં સરકાર નિષ્ફળ નીવડી હોય તેમ લાગી રહ્યું છે.ત્યાં સરકાર વહીવટ કરે છે કે સૈન્ય તે સમજવું જરા અઘરુ લાગે છે. ગુજરાતની શેરીઓમાં ભુતકાળમાં અનેક વખત પ્રજાજનો ,યુવકોને પોલીસ,અર્ધ લશ્કરી બળો કે સૈન્યની ઉપર પથ્થરમારો થયો છે.આખરે પ્રજાની માંગણીની નાડ પારખવા બાદ તેનો કુનેહ પુર્વક ઉકેલ આવવાને કારણે શાંતિ સ્થપાઈ છે.પરંતુ ગુજરાતમાં ક્યારેય પથ્થરબાજોને દેશદ્રોહી ગણીને તેમની અવગણના કરાઈ નહોતી.

સહુ પ્રથમ તો યુવાનોની સાથે વાર્તાલાપો યોજો અને તે માત્ર રાજકીય ઉદ્દેશ્યો માટે નહી પરંતુ કાયમી શાંતિ સ્થપાય અને તેમનામાંથી ભારત વિરુધ્ધનું ઝેર કાઢી શકાય.આવા ઉપાયો યોજવા માટે આપણી સરકારો શું નબળી છે કે તેમની પાસે વિદ્વાનો ખુટી ગયા છે.બુલેટો ચલાવવાથી સમસ્યાનું સમાધાન ક્યારેય નીકળી નહી શકે.પંડિતો કાશ્મીરમાંથી વિસ્થાપિત થવાનો રંજ સહુ કોઈને છે.પરંતુ સત્તારુઢ થયેલા પક્ષે આવા વેરઝેરને સમાપ્ત કરીને ફરીથી નવું વાતાવરણ તૈયાર કરવાની જરુર છે.કોમવાદના વેરઝેરને કારણે અશાંતિ વધતી રહી છે.તનાવ વધુ ઘેરો બને તે માટે કેટલાક હિતો વધુ પ્રયત્નશીલ છે. પરિણામે થોડીક સુધરેલી બાજી ફરીથી વધુ કથળી જાય છે.કાશ્મીરીઓમાં આજે પણ શાંતિ સ્થપાય તેવી વિચારધારા મજબુત છે પરંતુ લાગણીઓના પ્રવાહને તમારા શાંતિવાળા મજબુત વિચાર તરફ ઢાળવા કે ખેચવા માટેના ભરપુર પ્રયત્નો જરુરી છે. કોઈપણ રાજકીય પક્ષ પોતાની કુનેહનો ઉપયોગ કરીને કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવામાં પ્રયત્ન કરતો નથી તે એક કોયડો છે.જો તમામ વિપક્ષો સરકાર સાથે મળીને સમસ્યાના ઉકેલ માટે સાચા હૃદયે પ્રયતન્ કરે તો કાશ્મીરમાં શાંતિ સ્થાપી શકાશે.

## મંતવ્ય

પ્રજાને બેવકુફ બનાવવામાં માહિર તંત્રનો બેનમુન નમુનો હાલમાં જોવા મળી રહ્યો છે.શિક્ષણ સંસ્થાઓ દ્વારા પોતાની મનસુબી મુજબ ફીમાં ચલાવેલી લુંટના મામલે સરકારે અને શિક્ષણ સાથે સંલગ્ન સરકારી તંત્રે વાલીઓની માંગણીને એવી રીતે ખો આપી છે કે તેનો નમુનો જડવો મુશ્કેલ છે.પોતાના બાળકોને ઉચ્ચ પ્રકારનું શિક્ષણ મળે માટે મધ્યમવર્ગના વાલીઓ ભરપુર પ્રયત્નો કરતાં હોય છે. તેમની આવકના સ્ત્રોત્રો મર્યાદિત હોવાને કારણે ભારેખમ શિક્ષણ ફીનો ભાર વેઢારવો તેમના માટે શક્ય નથી.સરકારી તંત્રની મીલી ભગતને કારણે શિક્ષણનું વેપારીકરણ થઈ ગયું પરિણામે ઠેર ઠેર શિક્ષણના નામે ગેરકાયદેસરની હાટડી ખુલી ગઈ.કોઈ પણ જાતનો અંકુશ સરકારનો કે તેના તંત્રનો નથી કારણકે સરકારી તંત્રમાં બેઠેલાઓને ભારે મલાઈ મળી રહી છે તેવું કહેવામાં આવી રહ્યું છે.

સરકારે જાહેર કરેલા જાહેરનામાંનો કોઈપણ રીતે ચુસ્ત અમલ થયો નથી અને શિક્ષણના હાટડી માલિકોએ તેનો અનાદર કર્યો છે.હવે સરાકરી નિયમોને કોર્ટમાં પડકારીને ફરીથી આખો પ્રશ્ન ટલ્લે ચઢાવી દેવાયો છે. કોર્ટ મેટર છે કહીને હવે તેને કોઈ સાંભળશે નહી અને હાટડી ધારકો પોતાનું મનમાન્યુ કરશે.વાઘોડીયાના આવા જ એક હાટડી ધારકની આટલી બધી ફરિયાદો પછી પણ તેની કોલેજને માન્યતા આપવા માટે તંત્ર તૈયાર જ બેઠું છે.લાખો કરોડો ડોકટર બનવાના સપના દેખનારાના ઘરભેગા કરીને બેઠેલા આ શિક્ષણશાસ્ત્રીની ઝડપથી કાર્યવાહી કરવાની કોઈ દરકાર લેવામાં આવી નથી.સરકાર તરફથી આવી બાબતો જાહેર થાય તો તાત્કાલિક તેના ઉપર કાર્યવાહી થાય તે માટે પુરતા સુચનો આપવા જરુરી છે.નહીતર આવા લોકો કાયદાના આંટીઘુટીઓમાંથી છટકી જવાના છે તેમાં લેશમાત્રનો શક નથી.શિક્ષણનું વેપારી કરણ થવાથી દેશના મધ્યમવર્ગીઓ અને ગરીબો માટે ઉચ્ચ શિક્ષણ લેવાનો હક્ક લગભગ છીનવા ઈ ગયો છે.

સતીષકુમાર પી. પરમાર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સુપ્રીમ કોર્ટમાં ટ્રિપલ તલાકના મામલે રોજની સુનાવણી શરુ થઇ



સુપ્રીમ કોર્ટમાં ટ્રિપલ તલાકની બંધારણીય યોગ્યતા તપાસવાની શરુઆત થઈ ચુકી છે.કોર્ટમાં દરરોજની સુનાવણી નક્કી કરવામાં આવી છે.ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયા જે.એસ.ખેહરે સ્પષ્ટતા કરતાં કહ્યુ હતું કે કોર્ટ ફકત ટ્રિપલ તલાકની બંધારણીય યોગ્યતા અંગે જ વિચારશે.બહુપત્નિત્વ અંગે વિચારશે નહીં. જો જરુર પડે તો નિકાહ હલાલા અંગે વિચારણા કરશે.જસ્ટીસ ખેહરે કહ્યુ હતું કે જો મુસ્લીમ ધર્મમાં ટ્રિપલ તલાકને માન્યતા અપાઈ હશે અને તે મુળભુત અધિકાર હશે તો કોર્ટ દ્વારા દખલગીરી કરાશે નહીં. કોર્ટ ત્રણ વખત તલાક...તલાક...તલાક બોલીનો મુસ્લીમ મહિલાઓને અપાતા મૌખિક છુટાછેડાની બંધારણીય યોગ્યતા તપાસશે.

મુસ્લીમ સમુદાયમાં અનો મુસ્લીમ ધર્મમાં ટ્રિપલ તલાક એ મુળભુત અધિકાર છે કે કેમ તે કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે.કોર્ટે કહ્યુ કે જો અમને એવું લાગશે કે ટ્રિપલ તલાક એ મુસ્લીમ ધર્મના મુળભુત અધિકારનો હિસ્સો છે તો અમે આ મામલે દખલગીરી કરીશું નહીં. ટ્રિપલ તલાક એ ધાર્મિક માન્યતા મુજબ પવિત્ર ગણાય છે કે કેમ અને મુળભુત અધિકાર તરીકે તોનો ઉપયોગ કરાય છે કે કેમ તે પણ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે.

સુપ્રીમ કોટે દ્વારા ટ્રિપલ તલાક મુદ્દે પાંચ જજિસની બેન્ચ દ્વારા રોજ સુનાવણી હાથ ધરવા માટે છ દિવસ ફાળવ્યા છે. જેમાં ત્રણ દિવસ જે લોકોએ ટ્રિપલ તલાકને પડકાર્યો છે તોમની દલીલો સાંભળવામાં આવશે.આ કેસની મુળ અરજીમાં કવેસ્ટ ફોર ઈકવાલીટી વર્સિસ જમાયતે-ઉલેમા-એ-હિંદની અરજીને ધ્યાનમાં લેવામાં આવી છે.જયારે અન્ય અરજદારોમાં ખુરાન સુન્નત સોસાયટી, સાયરા બાનો, આફ્રિન રહેમાન, ગુલશન પ્રવીણ, ઈશરત જહાં અનો આતિયા બાબરીનો સમાવેશ થાય છે.બંધારણીય બેન્ચમાં તમામ ધર્મના એક એક જજનો સમાવેશ થયો છે. જેમાં બંધારણીય બેન્ચના જસ્ટીશ ખહેર શીખ છે.જસ્ટીસ કુરીયન જોસેફ ખ્રિસ્તી છે.જસ્ટીસ આર.એફ. નરિમાન પારસી છે.જસ્ટીસ યુ.યુ.લલિત હિન્દુ છે. અને જસ્ટીસ અબ્દુલ નઝીર મુસ્લીમ છે.

સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકના મામલે કરેલ સ્પષ્ટતા મુજબ સુનાવણી ફક્ત ટ્રિપલ તલાકના મુદ્દા પર જ થશે.નિકાહ હલાલા પર જો જરુર પડે તો જ ચર્ચા અને સુનાવણી હાથ ધરાશે.બહુપત્નીત્વ અંગે કોઈ સુનાવણી હાથ ધરાશે નહીં.ટ્રિપલ તલાક જો મુસ્લીમ ધર્મનો હિસ્સો હશે તો કોર્ટ તેમાં દખલગીરી કરશે નહીં. કોર્ટે જે ગંભીર સવાલો મુક્યા છે તે પ્રમાણે જોઈએ તો પ્રથમ સવાલ એ છે કે શું ટ્રિપલ તલાક એ મુસ્લીમ ધર્મનું અભિન્ન અંગ છે ? બીજો સવાલ શું કોર્ટ તેમાં દખલ કરી શકે છે ? શું ટ્રિપલ તલાકને પવિત્ર માનવામાં આવે છે?અને ત્રીજો સવાલ શું તેનાથી મુળભુત અધિકારોનો ભંગ થઈ રહ્યો છે ?

કોર્ટમાં કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાકના મુદ્દે મુકેલા મુદ્દાઓ પ્રમાણે, ટ્રિપલ તલાક માનવઅધિકારોના ભંગ સમાન છે.કેન્દ્ર વતી પિન્કી આનંદે કહ્યુ કે સરકાર ટ્રિપલ તલાક મામલે અરજદારોની તરફેણમાં છે અને તેને મુસ્લીમ મહિલાઓના બંધારણીય તેમજ મુળભુત અધિકારોના ભંગ સમાન ગણે છે.ટ્રિપલ તલાક ગેરકાયદે છે અને અનેક દેશોમાં તેના પર પ્રતિબંધ છે.જો કે આ મુદ્દે ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે અન્ય દેશોમાં શું કાયદા છે અને શું સ્થિતિ છે તે પણ ધ્યાનમાં લેવાશે.

મુસ્લીમ પર્સનલ લો બોર્ડે ટ્રિપલ તલાકને તેનો આંતરિક મામલો ગણાવ્યો છે.બોર્ડ આ પ્રથા ચાલુ રહે તેમ ઈચ્છે છે. તેમણે સુપ્રીમ કોર્ટમાં રજુઆત કરી છે કે ટ્રિપલ તલાક એ ઈસ્લામનો આંતરિક મામલો છે. બોર્ડ દોઢ બે વર્ષમાં લોકોનો અભિપ્રાય લઈને તેને રદ કરવા પ્રયાસ કરશે. જો કે અલ્હાબાદ હાઈકોર્ટ ટ્રિપલ તલાકને ગેરકાયદે ગણાવી ચુકી છે.

કોર્ટમાં કપિલ સિબ્બલે કહ્યુ હતું કે આ પર્સનલ લોનો મામલો છે. સરકાર કાયદો બનાવે પણ કોર્ટ તેમાં દખલગીરી કરવી જોઈએ નહીં.જયારે સલમાન ખુરશીદે કહ્યુ હતું કે સમાધાનની કોશીશ કર્યા વિના જો તલાક આપવામાં આવ્યા હોય તો તેવા તલાક માન્ય ગણાતા નથી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## ખાલિસ્તાની ચળવળ તોડવામાં અગ્રેસરની ભુમિકા ભજવનાર સુપરકોપ કે.પી.એસ.ગીલનું નિધન

પંજાબમાં આતંકવાદનો સફાયો કરનારા રાજયના પુર્વ પોલીસ મહાનિર્દેશક કે.પી.એસ.ગીલનું ૮૨ વર્ષની ઉમરે અવસાન થયું હતું. કાર્ડીયાક એરેસ્ટ પછી તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.દિલ્હીની ગંગારામ હોસ્પીટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા.પોલીસ સેવામાંથી નિવૃત થયા બાદ તેમણે ઈન્ડીયન હોકી ફેડરેશનના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી હતી.પંજાબમાં ખાલિસ્તાની ચળવળ તોડવામાં તેમણે મહત્વની ભુમિકા ભજવી હતી. તે કામગીરી બદલ તેમને સુપરકોપ તરીકે યાદ રાખવામાં આવે છે.દેશસેવાને કારણે હંમેશા તેમને યાદ રખાશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

# નોનવેજ ખાવાના લોકોના અધિકાર પર સરકાર તરાપ મારી શકે નહીં

કતલખાના બંધ કરવા અંગેના સરકારના આકરા નિર્ણયો અંગે અલ્હાબાદ હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે યુપી સરકારની આકરી ઝાટકણી કાઢતાં કહ્યુ હતું કે સરકાર કોઈને માંસાહાર કરતાં રોકી શકે નહીં. ખોરાક વ્યક્તિના મુળભુત અધિકારમાં આવતો હોવાથી સરાર નોનવેજ પર તરાપ મારી શકે નહીં.

કોર્ટે વધુમાં કહ્યુ હતું કે કતલખાનાનો જે વિવાદ ચાલી રહ્યો છે તેનો પણ ઝડપી અને યોગ્ય ઉકેલ લાવવો જોઈએ. સરાકર હાલમાં તમામ કતલખાના બંધ કરાવી રહી છે તેને કારણે લોકોને માંસ કે અન્ય નોનવેજ પદાર્થો મળતાં નથી. સરકારે પહેલાં પોતાની કાયદેસર અને ગેરકાયદે કતલખાનાની વ્યાખ્યા સ્પષ્ટ કરવી પડશે. કોર્ટે એમ પણ જણાવ્યુ કે જે લોકોના નવા આવેદનો આવી રહ્યા છે તેની ઝડપથી ચકાસણી કરીને તેને મંજુરી આપવી જોઈએ. તે ઉપરાંત જુના લાયસંસ પણ ઝડપથી રિન્યુ કરવા જોઈએ. અરજદારોએ કોર્ટને જણાવ્યુ હતું કે તેમના જુના લાયસંસ પુરા થયા બાદ તેના નવીનીકરણ માટે અરજી કરવામાં આવી હતી. સરકાર દ્વારા આ મુદે કોઈ કામગીરી કરવામાં આવતી નથી.તે ઉપરાંત નવા લાયસંસ પણ જારી કરવામાં આવી રહ્યા નથી.આ સ્થિતિનો ઉકેલ લાવવો જોઈએ.

હાઈકોર્ટે યુપી સરકારને જણાવ્યુ છે કે નિયમો હેઠળ જે લાઈસંસની અરજીઓ આવતી હોય તેને મંજુર કરવી જ જોઈએ અને કરવી પડશે.તે ઉપરાંત જે લોકોના લાયસંસ પુરા થઈ ગયા હોય તેમને પણ કાયદેસર રીતે રિન્યુ કરી આપવા જોઈએ. સરારે ૧૭મી જુલાઈ સુધીમાં આ મુદ્દે ઉકેલ લાવવો પડશે. આ કેસની આગામી સુનાવણી ૧૭ જુલાઈના રોજ કરવામાં આવશે.કોર્ટે ટકોર કરી હતી કે કોઈપણ વ્યક્તિ શું ખાશે કે ખાઈ રહી છે તેના ઉપર સરકાર નિયંત્રણ ન મુકી શકે. લોકોને શું ખાવું અને શું ન ખાવું તેનો સ્વતંત્ર અધિકાર મળેલો છે.સરકાર તેના પર તરાપ મારી ન શકે. પોતાને ગમતું ભોજન આરોગવાનો બધાને અધિકાર છે પછી તે વેજ હોય કે નોનવેજ.

કતલખાના આરોગ્યપ્રદ માંસ આપી શકે અને સ્વચ્છતા જળવાઈ રહે તેના માટે સરકારે તમામ વ્યવસ્થા આપવી જોઈએ.લાયસંસ આપતી વેળાએ આ બધાનો ખ્યાલ રાખવામાં આવે જેથી લોકોને સ્વચ્છ અને સ્વસ્થ માંસનો પુરવઠો ઉપલબ્ધ બની શકે.

# પુર્વ નાણાંમંત્રી પી.ચિદામ્બરમ અને તેમના પુત્ર કાર્તિના ત્યાં સીબીઆઇના દરોડા

પુર્વ નાણાંમંત્રી અને કોગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમ તથા તેમના પુત્ર કાર્તિના ચેન્નાઈ સ્થિત નિવાસસ્થાન સહિત તેમની સાથે સંકળાયેલા ૧૪ સ્થળોએ સીબીઆઈ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.સમાચારો મુજબ આઈએનએક્સ મીડીયાને મંજુરી આપવા બાબતે ચાલી રહેલા કેસમાં દરોડા પાડવામાં આવ્યા છે.

જ્યારે અન્ય માહીતિઓ એવું બતાવે છે કે ઈન્દ્રાણી મુકરજી અને પીટર મુકરજી સાથે સંકળાયેલા આઈએનએકસ મીડીયાના વિવાદ ઉપરાંત એરસેલ-મેકસિસ કેસના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.સીબીઆઈ દ્વારા કાર્તિની ઓફીસ તથા ઘર ઉપરાંત તેમના પિત્રૃક મકાન કરાઈકુડી ખાતે પણ દરોડા પાડવામાં આવ્યા હતા.દિલ્હી,મુંબઈ ચેન્નાઈ અને ગુડગાંવ સહિત ૧૪ સ્થળોને સીબીઆઈ દ્વારા દરોડા પડાયા હતા.

આ દરોડાના સંદર્ભમાં ચિદમ્બરમ અને કોગ્રેસે જણાવ્યુ હતું કે આ રાજકીય લડાઈનો એક ભાગ છે.માત્ર ને માત્ર પોલીટીકલ દરોડા છે.માત્ર દબાણ ઉભુ કરવા માટે અને હું સરકાર વિરુધ્ધ લખવાનું બંધ કરી દઉ તે માટે દરોડા પાડવામાં આવ્યા હોવાની વાત પણ ચિદમ્બરમે કરી હતી.

કાર્તિ ચિદમ્બરમ ઉપર આરોપ મુકવામાં આવ્યો હતો કે તેમણે ૨૦૦૮માં આઈએનએકસ મીડીયાને ક્લિયરન્સ મેળવવામાં મદદ કરી હતી.આ વર્ષની શરુઆતમાં જ મદ્રાસ હાઈકોર્ટે સમન્સ રદ કરવાની કાર્તિની અરજી ફગાવી દીધી હતી.એરસેલ-મેક્સિસ કેસમાં તો ઈડીએ સમન્સ જારી કર્યા હતા.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવ અને તેમના કુટુંબીજનોને ત્યાં આઇટી વિભાગના દરોડા પડાયા

બિહારના પુર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવ પર ૧૦૦૦ કરોડની બેનામી સંપત્તિના મુદ્દે આઈટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.આઈટી વિભાગે લાલુપ્રસાદ યાદવ અને તેમની સાથે સંકળાયેલા લોકોને ત્યાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.દિલ્હી અને એનસીઆર ખાતે ૨૨ સ્થળોએ આઈટી વિભાગની ટીમે દરોડા પાડ્યા હતા.અહેવાલો મુજબ લાલુ પ્રસાદની કેટલીક પ્રોપર્ટી બેનામી હોવાનું જાણવા મળ્યું છે.આરજેડીના સુપ્રીમો સામે બેનામી સંપત્તિ હોવાના આરોપો મુકાયા બાદ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.આઈટી વિભાગના ૧૦૦ જેટલા અધિકારીઓની ટીમ દિલ્હી,એનસીઆર, અને ગુડગાંવની આસપાસના વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. જ્યાં દરોડા પડ્યા હતા તેમાં લાલુ પ્રસાદના દિકરાઓ,દીકરી અને જમાઈની પ્રોપર્ટીઓ તથા કેટલાક નજીકના નેતાઓ,વેપારીઓ,રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા લોકો અને બિલ્ડર્સનો સમાવેશ થાય છે.

લાલુ પ્રસાદના આરજેડીના રાજ્યસભાના સાંસદ પ્રેમચંદ ગુપ્તાના ઘરે પણ દરોડા પડ્યા હતા.આઈટી વિભાગ દ્વારા લાલુની દીકરી મીસા યાદવ અને તેના પતિને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ બંને ઉપર આરોપ કરાયા છે કે તેમણે લાલુની બેનામી આવક દ્વારા જ બેનામી ફાર્મ હાઉસ ખરીદયું હતું.તેમણે જે પૈસા દ્વારા આ ફાર્મ હાઉસ ખરીદ્યુ છે તે પૈસા બે એન્ટ્રી ઓપરેટર્સની કંપનીમાંથી આવ્યા છે. એસ.કે જૈન અને વી.કે.જૈન નામના આ કંપનીના બે ઓપરેટર્સની ઈડીએ ધરપકડ પણ કરેલી છે.જૈનની જે કંપનીઓ દ્વારા મિશેલ પેકર્સ એન્ડ પ્રિન્ટર્સ નામની કંપનીને પૈસા આપવામાં આવ્યા હતા તે કંપનીમાં લાલુની દીકરી અને જમાઈ ડાયરેકટર છે.આ પૈસા દ્વારા જ બેનામી સંપત્તિઓ ખરીદવામાં આવી હતી.

લાલુ પ્રસાદ ઉપર ભાજપે દ્વારા મુકાયેલ આરોપો નીચે મુજબ છે.

૧. વેપારીઓને રેલવેના હોટેલના કોન્ટ્રાક્ટ્સ આપ્યા અને તેના બદલે ૨૦૦ કરોડની જમીન લીધી. ૨.પટના ખાતે અંડર કંન્ટ્રકશન મોલની માટી ખોટી રીતે પ્રાણી સંગ્રહાલયને આપવામાં આવી. ૩.બિહટામાં પ્રકાશ કત્યાલને શરાબની ફેકટરી ખોલવામાં મદદ કરી અને તેના માધ્યમથી બનાવટી કંપની બનાવીને કરોડોની જમીન ખરીદી. ૪.મીસા યાદવે બનાવટ કરીને દિલ્હીના પોશ વિસ્તારમાં ફાર્મ હાઉસ ખરીદ્યું. પ.મીસાની બંધ પડેલી કંપની મીશેલ પેકર્સ એન્ડ પ્રિન્ટર્સના શેર ખરીદી ૮ હજાર કરોડનું મની લોન્ડરીંગ કર્યું. ૬.જમીન સોદા માટે જ કંપનીઓ બનાવાઈ.કોઈ કંપનીમાં કર્મચારીઓ નથી અને ઉત્પાદન થતું નથી. ૭.ઈન્ડીયા બુલ્સ હાઉસીંગ ફાઈનાન્સ પાસેથી ૨૩ કરોડની લોન લીધી.આમ ભાજપે લાલુ વિરોધી ઉભા કરેલા મુદ્દાઓ ધ્યાને લઈ સરકારે લાલુ સામે કોરડો વિઝ્યો.

લાલુએ ટ્વિટરના માધ્યમથી કેન્દ્ર સરકાર અને ભાજપ પર પ્રહાર કર્યા હતા. તેમણે લખ્યુ હતું કે ભાજપને તેના નવા જોડાણ પક્ષો બદલ મુબારક પણ તેઓ માને છે કે તે વાસ્તવિકતા નથી.લાલુ પ્રસાદ કોઈનાથી ડરતો નથી. અને કોઈની સામે નમતો નથી.એક લાલુને દબાવશો તો લાખો લાલુ ઉભા થશે. હું છેલ્લા શ્વાસ સુધી ફાસીવાદી તાકાત સામે લડતો રહીશે.અમારુ ગઠબંધન મજબુત છે અને રહેશે. અમે સરકારી તંત્ર અને તેના પોપટોથી ડરતા નથી.લાલુના નામથી ભાજપ અને સંઘ ધ્રુજી જાય છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.

# આધાર જોડવા માટે ઓનલાઇન ફેસીલીટી શરુ કરવામાં આવી

આવકવેરા વિભાગે આધાર નંબરને પાન કાર્ડ સાથે જોડવા માટે એક ઓનલાઈન સવલત શરુ કરી છે.જેનો લાભ લઈને તમામ નાગરિકોને આધાર અને પાન બંન્નેમાં તેમની જન્મ તારીખ અને સ્ત્રી છે કે પુરુષ તેની ખાસ ખાતરી કરી લેવા કહયું છે.

સરકારે પાન કાર્ડ માટે અરજી કરવા માટે આધાર નંબર ફરજીયાત બનાવી દીધો છે. જે ૧ જુલાઈ,૨૦૧૭ થી અમલી બનશે. આવકવેરા વિભાગે આધારને પાન ( પર્મેનેન્ટ એકાઉન્ટ નંબર ) સાથે જોડવા માટે ઈ-ફેસીલીટી શરુ કરી છે.આઈટી રિટર્ન ફાઈલ કરવા માટે આમ કરવુ ફરજીયાત છે. આવકવેરા વિભાગની ઈ-ફાઈલીંગની વેબસાઈટ પર હોમપેજ પર આ લિંક મુકવામાં આવી છે. તેમાં પાન નંબર અને આધાર નંબર જોઈને તેમજ આધાર કાર્ડમાં જે નામ હશે તે જ નામ દર્શાવવાનું રહેશે.

સરકારે એકાએક જાહેર કર્યુ કે પાનકાર્ડ અને આધાર કાર્ડનું જોડાણ કરવું જ પડશે.જે લોકો આવું જોડાણ નહી કરે તો પાન કાર્ડ રદ ગણાશે અને રિટર્ન પણ નહી ભરી શકાય.આ જાહેરાત થતાં જ લોકોમાં ભારે અણગમો અને દોડાદોડી શરુ થઈ ગઈ.કાયદાભીરુ નાગરિકોમાં વારંવાર સરકારી આવી જાહેરાતોને કારણે અફરાતફરીનો માહોલ પેદા થાય છે.જો કે સરકારે આધાર અને પાનના જોડાણ માટેની સરળ રીતોની ઘોષણાં કરી છે. મોબાઈલ નંબરના આધારે સહેજસાજ ફેરફારવાળા નામો છતાં પણ જોડાણ શક્ય બનાવ્યું છે. આ પગલું સારુ છે પરંતુ મોડું છે.

★ **નીલા ફાઇનાન્સ** ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# રાષ્ટ્રપતિ પદ ના સંભવિત ઉમેદવારની શોધ માટે સત્તારુઢ અને વિપક્ષોની શોધખોળ જારી

દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીની મુદત પુરી થવામાં છે ત્યારે સંભવિત રાષ્ટ્રપતિપદના ઉમેદવાર માટે શોધખોળ સત્તારુઢ પક્ષ અને વિપક્ષ તરફથી કરવામાં આવી રહી છે.આ શોધખોળના ભાગ રુપે વિપક્ષોની એક સંયુક્ત મીટીંગ દિલ્હીમાં યોજવામાં આવી હતી.જેમાં કોગ્રેસ,તુણમુલકોગ્રેસ, જદ(યુ),સહિતના વિરોધ પક્ષોએ નક્કી કર્યુ હતું કે જો એનડીએ સરકાર કોઇ સ્વીકાર્ય ઉમેદવાર રજુ ન કરે તો તેઓ તેમના ઉમેદવારને મેદાનમાં ઉતારશે. જો કે વિપક્ષે તેમના ઉમેદવાર અંગે કોઇ સ્પષ્ટતા કરી નહોતી.જો કે સત્તારુઢ પક્ષના કેટલાક ખાનગી અહેવાલો વહેતા થયા છે તે મુજબ હાલમાં છત્તીસગઢના રાજયપાલ તરીકે બિરાજતાં મહિલા રાજયપાલક્ષી દ્રૌપદી મુર્મુનું નામ વહેતું થયું છે.તેઓની રાજકીય કારકીર્દી મુજબ તેઓ એક પરિપક્વ રાજકારણી છે. તેમજ તેઓ બીજેપી એસટી મોરચાના એક્ઝીક્યુટીવ સભ્ય પણ છે.આથી એક આદીવાસી મહિલા સભ્યને રાષ્ટ્રપતિ બનાવાય તો વિપક્ષો કશો પ્રતિકાર ન કરી શકે તેવી સોગઠી મારવાની વાત બહાર આવી છે.પરંતુ હજુ સુધી સત્તારુઢ પક્ષે આ બાબતે પોતાના પત્તા ખોલ્યા નથી.

કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ યોજેલા એક ભોજન સમારંભમાં ૧૭ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.પ્રાંતીય રાજકારણમાં એકબીજાના કટ્ટર પહીર પક્ષોના નેતાઓ પણ એકસાથે જમતા દેખાયા હતા.જો કે તેમાં જદ(યુ) ના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ગેરહાજર રહ્યા હતા.જો કે નીતિશ કુમાર બીજા દિવસે વડાપ્રધાનના લંચમાં જવાના હતા.

વિપક્ષોની બેઠકમાં કાશ્મીર અને ઉત્તરપ્રદેશના સહારનપુરની ખરાબ સ્થિતિના મામલે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.તેમણે આક્ષેપ કર્યો હતો કે આ શાસનમાં દલિતો,યુવાઓ,મહિલાઓ,ગરીબો અને વંચિત વર્ગોની સતાવણી થઇ રહી છે.બેઠકમાં એકબીજાના કટ્ટર હરીફ મનાતા સપા,બસપા,તુણમુલ કોગ્રેસ,ડાબેરીઓના અનેક ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. જેમાં મમતા બેનરજી,સીતારામ યેચુરી,માયાવતી અને અખિલેશ યાદવનો સમાવેશ થાય છે. વિપક્ષી નેતાઓ ઘણા દિવસો બાદ એક પ્લેટફોર્મ પર એકઠા થયા હતા. શરદ પવાર, લાલુપ્રસાદ યાદવ,અને કનિમોઝી એકસાથે લંચ લેતા દેખાયા હતા.

મીટીંગ બાદ આઝાદ અને શરદ પવારે એક સંયુક્ત નિવેદન કરતાં કહ્યુ હતું કે રાષ્ટ્રપતિપદની ચુંટણીમાં સામાન્ય પ્રથા એવી છે કે સત્તારુઢ પક્ષ ઉમેદવારના નામો પર સર્વસંમતિ સાધવા પહેલ કરે છે. પરંતુ અત્યારસુધી આવું થયું નથી.જો સ્વીકાર્ય ઉમેદવારો નહિં મળે તો અમે વિપક્ષો આપણા ગણતંત્રના બંધારણીય મુલ્યોનું જતન કરી શકે તેવી વ્યક્તિઓને મેદાનમાં ઉતારીશું.

ઓમર અબ્દુલા,જેએમએમના હેમંત સોરેન, અને સંજીવ કુમાર જેવા નાના પક્ષના નેતાઓએ લંચમાં ભાગ લીધો હતો.કોગ્રેસમાંથી સોનિયા ગાંધી,રાહુલ ગાંધી,મનમોહનસિંહ, અહેમદ પટેલ,એ.કે. એન્ટોની અને ગુલામ નબી આઝાદ જેવા સીનીયર નેતાઓ પણ હાજર રહ્યા હતા.

રાષ્ટ્રપતિપદ માટે નિવૃત થઇ રહેલા અને યુપીએ સરકારમાં ઉચ્ચ નેતા રહેલા પ્રણવ મુકરજીએ પોતાનો કાર્યકાળ કોઇપણ જાતના આક્ષેપો વગર પુરો કર્યો છે.તેઓ એક વિદ્વાન રાજકીય નેતા તરીકેની છાપ અંકિત કરી છે. અને રાષ્ટ્રપતિભવન દ્વારા થતાં વહીવટી નિર્ણયોમાં સુઝબુઝથી સરકારની સાથે કોઇપણ પ્રકારના ઘર્ષણ વગર તેમણે પોતાનો કાર્યકાળ સંભાળ્યો છે.દેશ હવે એવી વ્યક્તિની રાષ્ટ્રપતિપદ માટે આશા રાખે છે કે જે પોતાના કાર્યકાળ દરમિયાન કોઇપણ પ્રકારના ક્ષતિપુર્ણ કાર્યને જામા ન પહેરાવે.

# સમગ્ર દેશને શાકાહારી બનાવવાનો નિર્ણય કરીને આદેશ બહાર પાડીને કેન્દ્ર સરકારે પશુ વેચવા અને માંસ કારોબારના માટે પશુ હત્યા પર પ્રતિબંધ લાધ્યા

પર્યાવરણ મંત્રાલયે પશુબજારમાં કતલના હેતુસર પશુ વેચાણ પર દેશભરમાં પ્રતિબંધ લાધી દીધો છે.સરકારનો આ નિર્ણય લાખો ગરીબ ખેડુતો અને માંસ ઉદ્યોગને પ્રભાવિત કરશે. મંત્રાલયે જાહેર કરેલા એક નવા નિયમ મુજબ હવે કોઇપણ વ્યક્તિ પશુને મારવાના હેતુસર તેને વેચી નહીં શકે.પશુને વેચતાં પહેલાં તેને એક સોગંદનામુ આપવું પડશે

પશુ ક્રુરતા નિવારણ(પશુધન બજાર નિયમન) નિયમ ૨૦૧૭ શીર્ષક હેઠળ પર્યાવરણ મંત્રાલયે રાજપત્રમાં જણાવ્યુ છે કે પશુબજારમાં પશુને ત્યાં સુધી નહીં લાવી શકાય કે જ્યા સુધી વેચનાર લેખિત સોગંદનામુ ના આપે કે પશુને માંસ કારોબાર માટે હત્યા માટે નથી વેચાઇ રહ્યું. તેણે કહેવું પડશે કે કૃષિ સબંધી હેતુસર જ તે પશુનું વેચાણ કરી રહ્યો છે.

ગૌશાલા,પશુ કલ્યામ સંસ્થા વગેરેએ પશુને દત્તક આપતી વેળાએ હત્યા માટે નહીં પરંતુ કૃષિ હેતુસર તેનો ઉપયોગ કરવામાં આવશે તેવી ખાત્રી આપવાની રહેશે.આ નિયમ હેઠળ રાજ્ય બહારની વ્યક્તિને પશુ નહીં વેચી શકાય. રાજ્યની સરહદથી ૨૫.કી.મીની અંદર પશુ બજાર પર પ્રતિબંધ છે.

હવે સવાલ એ ઉઠે છે કે કેન્દ્ર સરકાર પુરા દેશમાં પશુ વધને કઇ રીતે રોકશે ? પશુધન રાજ્યનો વિષય છે.જો કે કાયદાની રુએ કેન્દ્ર સરકાર આવી જોગવાઇ કરવાની સત્તા ધરાવે છે.૨૪ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ગૌમાંસ અને ગૌહત્યા પ્રતિબંધિત કરનારા સંભવિત કાયદા વિષે વિચારણા થઇ હતી.પર્યાવરણ મંત્રાલયે કૃષિમંત્રાલયને ગૌહત્યા અને બીફ કે તેમાંથી બનતી સામગ્રી પર રાષ્ટ્રીય કાયદો બનાવવાનો વિકલ્પ શોધવા કહ્યુ હતું. તો જાન્યુઆરીમાં સુપ્રીમ કોર્ટે દેશભરમાં ગૌહત્યા પર પ્રતિબંધ લગાવવા સબંધી અરજીની સુનાવણી વખતે કહ્યુ હતું કે કોઇ રાજ્ય ગૌહત્યા પર પ્રતિબંધ લગાવી શકે છે તો કોઇક નથી લગાવી શકતા. સુપ્રીમ રાજ્યોના કાયદામાં હસ્તક્ષેપ નહીં કરી શકે.

પશુ બજારમાં હાજર અધિકારીઓ પશુ ખરીદનારાની એ વાતે ખરાઇ કરવાની રહેશે કે ખરીદનાર ખેડુત છે કે નહીં. આ જાહેરનામા મુજબ પશુ તરીકે, આખલા,ગાય, ભેંસ, વાછરડા અને ઉંટને મુકવામાં આવ્યા છે.પશુ બજાર એટલે કે એક એવી જગ્યા કે જ્યાં વિવિધ સ્થળેથી પશુ વેચાવા કે હરાજી માટે આવે છે.જો કે હજુ સુધી ગૌરક્ષકોની ગતિવિધિઓ અટકી નથી. ઓડિસા ભુવનેશ્વર રેલ્વે સ્ટેશને ૨૦ થી વધુ ગોરક્ષકોએ કોચુવેલી-ગુવારાટી એક્સપ્રેસના પાર્સલ વાનમાં ગૌ તસ્કરી થઇ રહી હોવાનો આક્ષેપ કરતાં રેલવે સ્ટાફને માર માર્યો .ગાયોને સરકારી મંજુરીથી નોઇડાની એક એગ્રો કંપનીમાં લવાઇ રહી હતી.હજુ ગૌરક્ષકો કાયદો પોતાના હાથમાં લઇને ગુંડાગીરી કરી રહી છે તેનો મતલબ કે સરકાર તેમને પુરતું પીઠબળ આપી રહી છે.

# ગ્લોબલ હેલ્થ એડવોકેસી ઇન્સ્ટીટ્યુટ નો સર્વેમાં છેલ્લા ૧૦ વર્ષમાં માર્ગ અકસ્તામાં ૧૩ લાખ લોકોના મોત નિપજ્યા : અકસ્માતોમાં ગુજરાત આઠમાં ક્રમે

નલીન સિંહા,ગ્લોબલ હેલ્થ એડવોકેસી ઇન્સ્ટીટ્યુટના કન્સલ્ટન્ટે છેલ્લા ૧૦ વર્ષના અકસ્માતોની તુલના કરતાં જણાવ્યુ હતું છેલ્લા ૧૦ વર્ષમાં ૧૩ લાખ ( કોઇ એક નાના શહેરની વસ્તી જેટલી) વ્યક્તિઓ રોડ અકસ્માતમાં મૃત્યુ પામી છે.અકસ્માતોમાં ગુજરાત આઠમા ક્રમે રહ્યુ છે. પરંતુ ટ્રાફિક નિયમનો તોડવામાં અમદાવાદીઓ માહિર છે.તેઓ ટ્રાફિકના નિયમોને ગણતા જ નથી.જે આંકડાઓ રજુ કરવામાં આવ્યા તે ઘણા આઘાત જનક હતા.ટ્રાફિકના નિયમોની સતત અવગણના કરવી,પુરતી સલામતી ના રાખવી અને બેફામ ડ્રાઇવીંગનું વલણ વાહન ચાલકોમાં વધી રહ્યુ છે.પરિણામે રોડ અકસ્માતો વધી રહ્યા છે.રોડ અકસ્માતોમાં મૃત્યુ પામનારાની સંખ્યા કોઇપણ જટીલ રોગ, કુદરતી આપદા કે આતંકવાદી હુમલામાં મૃત્યુ પામનારા લોકો કરતાં અનેકગણી વધારે છે અને તે ચિંતાજનક છે.

કટ્સ સેન્ટર ફોર કન્ઝુમર એકશન, રિસર્ચ એન્ડ ટ્રેનિંગના ડિરેકટર જ્યોર્જ ચેરિયને જણાવ્યુ હતું કે રોડ અકસ્માતોની દષ્ટિએ ગુજરાતમાં અમદાવાદની પરિસ્થિતિ લાલ બત્તી સમાન છે.અમદાવાદના ૬૦% વાહનો ટ્રાફિક નિયમનનો ભંગ કરે છે.૬૮ ટકા ટુ વ્હીલર ચાલકો અને ૫૮ ટકા કાર ચાલકો વાહન ચલાવતી વખતે મોબાઇલ પર વાત કરે છે અથવા મ્યુઝીક સાંભળે છે.જેથી અકસ્માતો અને મૃત્યુનું પ્રમાણ વધુ છે.ગુજરાતમાં ૩૫.૭ % લોકો ઓવર સ્પીડના કારણે મૃત્યુ પામે છે.રાજ્યમાં વર્ષ ૨૦૧૬માં કુલ ૨૧૫૮૯ અકસ્માતો થયા જેમાં ૮૧૩૯ લોકોના મોત નિપજ્યા હતા.

ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં ટ્રાફિક નિયમોનું કડક પાલન થાય માટેતંત્રે કામ કરવું જરુરી છે. (સૌ.ન.ગુ.સ.)


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૧૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.